**ખૂબ જ અગત્યનું**

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## સંશોધન નિયામકશ્રીની કચેરી, આયોજન સેલ,

**આણંદ**

વંચાણે લીધોઃ ૧ હિ.અ.-વ-હિ.નિ.શ્રી, આણંદના ઓફીસ ઓર્ડર નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન એસ-ર/ ૧૩૩૫-૪૫/૧૩, તા.૨૪/૦૫/૨૦૧૩

૨ હિ.અ.-વ-હિ.નિ.શ્રી, આણંદના ઓફીસ ઓર્ડર નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન આર-૧/ ૪૬૮૫-૪૭૧૫/૧૩, તા.૦૪/૦૯/૨૦૧૩

વિષયઃ **સને ૨૦૦૧૩ -૧૪ માં આયોજીત યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ ખર્ચ કરવા બાબત.**

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આયોજીત યોજના હેઠળ સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ચાલુ તેમજ નવા કાર્યક્રમો હેઠળ હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદે સંદર્ભ-૧ના ઓફીસ ઓર્ડરથી પગાર - ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે થયેલ જોગવાઈ મુજબ ગ્રાન્ટ ફાળવણીના હુકમો કરવામાં આવેલ હતા. આ ફાળવણીમાં ફેરફાળવણી કરવા આયોજીત યોજનાના નિયત્રણ અધિકારીશ્રીઓની રજૂઆત ધ્યાને લઇ તા.૨૧/૨૨-૦૮-૨૦૧૩ના રોજ આયોજીત યોજનાની પ્રથમ રીવ્યુ બેઠકમાં ફંડની ઉપલબ્ધતા અને જરૂરિયાત મુજબ સંદર્ભ-ર ના ઓફીસ ઓર્ડરથી પગાર - ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે ફેર ફાળવણી કરવામાં આવેલ છે. આયોજીત યોજનામાં અત્યાર સુધીમાં થયેલ ખર્ચને ધ્યાને લેતાં, સપ્ટેમ્બર -૨૦૧૩ અંતિત ખૂબ જ ઓછો ખર્ચ થયેલ છે.

આથી સર્વે આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, પગાર ભથ્થા, રીકરીંગ, નોન-રીકરીંગ તેમજ બાંધકામ સદરે કરવામાં આવેલ જોગવાઈ મુજબ દર માસે સમભાગે ખર્ચ થવો જરૂરી છે. આયોજીત યોજનામાં વર્ષ દરમ્યાન ત્રિમાસિક સમભાગે જોગવાઈ મુજબ ખર્ચ નહીં થાય અને સરકારશ્રી તરફથી જોગવાઈમાં કાપ મુકવામાં આવશે અને તેના લીધે યોજનાની પ્રગતિમાં અસર પડશે, તો તેની જવાબદારી જે તે યોજનાના વડાશ્રીઓની રહેશે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ, યોજનાઓના હેતુ સિધ્ધ કરવા માટે દરમાસ તથા ત્રિમાસ દરમ્યાન સમભાગે ખર્ચ કરવાનું આયોજન હાથ ધરવા વિનંતી છે.

સંશોધન નિયામક અને
અનુસ્નતાક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં. આકૃયુ/અયન-ર/૨૦૧૩-૧૪/ 7282 /૧૩,
તારીખઃ ૨૫/૧૦/૨૦૧૩

નકલ સવિનય રવાનાઃપ્રતિ,

(૧) આ.કૃ.યુ.ના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ
(૩) આયોજીત યોજનાઓના ઈન-ચાર્જ અધિકારીશ્રીઓ તરફ ઉપરોકત બાબતે જાણ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ
(૪) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આકૃયુ,આણંદ તરફ જાણ સારૂ